૧૮

વિકલાંગ (દિવ્યાંગ) સાધન સહાય યોજનામાં દિવ્યાંગ લાભાર્થીઓ માટે વ્યવસાય (સ્વરોજગાર) માટે વ્યવસાય (ટ્રેડ)ની ટૂલકીટ (સાધનો)ની સહાયની મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૨૦૧૯/૫૨૦૮૩૩/છ.૧,
સચિવાલય, ગાંધીનગર
તા.૧૦/૦૭/૨૦૨૦.

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ અને મજૂર વિભાગનો તા.૧૦/૦૪/૧૯૭૦નો ઠરાવ ક્રમાંક:ઈડીબી/૧૦૬૯/ ૨૧૫૬૦/છ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૦૫/૦૭/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક:- અપગ/૧૦૨૦૧૧/૪૩/છ.૧.

(૩) ઉદ્યોગ અને ખાણ વિભાગનો તારીખ:૧૧/૦૯/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક:- TAP/૧૦/૨૦૧૧/૪૫૦૦૦૭/ખ.

(૪) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૨૬/૧૨/૨૦૧૯નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૫) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૨૨/૦૬/૨૦૨૦નો પત્ર ક્રમાંક. અપગ/દિવ્યાંગ સાધન સહાય/૨૦-૨૧/૪૯૫.

આમુખ-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તા.૧૦/૦૪/૧૯૭૦ના ઠરાવથી રાજ્યમાં વિકલાંગો (દિવ્યાંગો)ને કૃત્રિમ અવયવો બેસાડવા તથા શૈક્ષણિક અને ધંધાકીય રીતે ઉપયોગી થાય તેવા સાધનો પુરા પાડી તેમનો શૈક્ષણિક વિકાસ અને સામાજિક પુન: સ્થાપન થાય તે હેતુથી સાધન સહાય યોજના અમલમાં મુકવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના તા.૦૫/૦૭/૨૦૧૧ના ઠરાવના મુદ્દા નં. (૧)માં આ યોજનામાં ઉદ્યોગ અને ખાણ વિભાગ વિભાગના તા.૦૧/૦૧/૨૦૧૧ના ઠરાવ ક્રમાંક:ટીએપી-૧૦/૨૦૧૦/૭૭૨૫૦૬-ખ ના જોડાણ-૧માં વ્યવસાય માટે જણાવેલ સાધનો (૪૨ સાધનો) માટે વિકલાંગ વ્યક્તિઓ સહાય મેળવવાપાત્ર બનશે તેમ ઠરાવવામાં આવેલ છે તેમજ વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના વિભાગના ઠરાવથી વિકલાંગ (દિવ્યાંગ) સાધન સહાય યોજનામાં રૂ.૧૦,૦૦૦/-ની મર્યાદામાં ચુકવવામાં આવતી સહાય વધારીને રૂ.૨૦,૦૦૦/-ની મર્યાદામાં આપવા ઠરાવવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૧૧/૦૯/૨૦૧૮ના ઠરાવના જોડાણ પરિશિષ્ટ-"અ" માં દર્શાવેલ ૨૮ વ્યવસાય ટ્રેડની ટૂલકીટ (સાધનો) પૈકી ૨૬ વ્યવસાય (ટ્રેડ)ની ટૂલકીટ (સાધનો)ને દિવ્યાંગ લાભાર્થીઓ માટે વ્યવસાય (સ્વરોજગાર) માટે

સહાય આપવાની મંજૂરી આપવા નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરના વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના તા.૨૨/૦૬/૨૦૨૦ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**-

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક (૪) પરના તા.૨૨/૦૬/૨૦૨૦ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને વિકલાંગ (દિવ્યાંગ) સાધન સહાય યોજનામાં ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૧૧/૦૯/૨૦૧૮ના ઠરાવનું જોડાણ પરિશિષ્ટ- "અ" માં દર્શાવેલ ૨૮ વ્યવસાય (ટ્રેડ)ની ટૂલકીટ (સાધનો) પૈકી નીચે કોષ્ઠકમાં દર્શાવેલ ૨૬ વ્યવસાય (ટ્રેડ)ની ટૂલકીટ (સાધનો)ને દિવ્યાંગ લાભાર્થીઓ માટે વ્યવસાય (સ્વરોજગાર) માટે સહાય આપવાની મંજૂરી આથી નીચેની શરતોને આધિન આપવામાં આવે છે.

| ક્રમ | ટ્રેડના નામ | અંદાજિત કિંમત |
|---|---|---|
| ૧ | કડીયાકામ | ૧૪૫૦૦ |
| ૨ | સેન્ટીંગ કામ | ૭૦૦૦ |
| ૩ | વાહન સર્વિસીંગ અને રીપેરીંગ | ૧૬૦૦૦ |
| ૪ | મોચીકામ | ૫૪૫૦ |
| ૫ | દરજીકામ | ૨૧૫૦૦ |
| ૬ | ભરતકામ | ૨૦૫૦૦ |
| ૭ | કુંભારી કામ | ૨૫૦૦૦ |
| ૮ | વિવિધ પ્રકારની ફેરી | ૧૩૮૦૦ |
| ૯ | પ્લમ્બર | ૧૨૩૦૦ |
| ૧૦ | બ્યુટી પાર્લર | ૧૧૮૦૦ |
| ૧૧ | ઇલેક્ટ્રીક એપ્લાયંન્સીસ રીપેરીંગ | ૧૪૦૦૦ |
| ૧૨ | ખેતીલક્ષી લુહારી/વેલ્ડીંગ કામ | ૧૫૦૦૦ |
| ૧૩ | સુથારીકામ | ૯૩૦૦ |
| ૧૪ | ધોબીકામ | ૧૨૫૦૦ |
| ૧૫ | સાવરણી સુપડા બનાવનાર | ૧૧૦૦૦ |
| ૧૬ | દુધ-દહી વેચનાર | ૧૦૭૦૦ |
| ૧૭ | માછલી વેચનાર | ૧૦૬૦૦ |
| ૧૮ | પાપડ બનાવટ | ૧૩૦૦૦ |
| ૧૯ | અથાણા બનાવટ | ૧૨૦૦૦ |
| ૨૦ | ગરમ, ઠંડા પીણા, અલ્પાહાર વેચાણ | ૧૫૦૦૦ |
| ૨૧ | પંચર કીટ | ૧૫૦૦૦ |
| ૨૨ | ફ્લોર મીલ | ૧૫૦૦૦ |
| ૨૩ | મસાલા મીલ | ૧૫૦૦૦ |
| ૨૪ | રૂ ની દીવેટ બનાવવી | ૨૦૦૦૦ |

| | | |
|---|---|---|
| ૨૫ | મોબાઇલ રીપેરીંગ | ૮૬૦૦ |
| ૨૬ | હેર કટીંગ (વાળંદ કામ) | ૧૪૦૦૦ |

**શરતો-**

(૧) આ તમામ પ્રકારના સાધનોની સહાય રૂ.૨૦૦૦૦/-ની મર્યાદામાં આપવાની રહેશે.

(૨) આ સાધનો ખરીદવા બાબતે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૧૧/૦૯/૨૦૧૮ના ઠરાવ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(3) વિભાગના તા.૦૫/૦૭/૨૦૧૧ના ઠરાવની અન્ય શરતો તેમજ આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

patelDC

(ડી. સી. પટેલ)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં.૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ. (મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- ના.સે.અ.સિલેક્ટ ફાઈલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.